**ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજકોટના નવા મકાન બાંધકામ માટે <u>રૂ.૧૦,૮૫,૦૦,૦૦૦/-</u> ની સુધારેલી વહિવટી મંજૂરી બાબત.**

**ગુજરાત સરકાર**
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
**ઠરાવ ક્રમાંક: SJED/**MIS/e-file/17/0743/CHH
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૮/૨૦૨૪

**વંચાણે લીધા:**

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૦૭/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૯/૬૧૨૪૧૪/નબા/છ

(૨)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૪/૦૬/૨૦૨૧ ના પત્રક્રમાંક:સસુખા/બકમ/૨૦૨૧-૨૨/૨૬૨

(૩)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨/૧૦/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૯/૬૧૨૪૧૪/નબા/છ

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૧૫/૦૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: DSD/0110/02/2024.

(૫)નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગરના તા.૨૨/૦૭/૨૦૨૪ ના પત્ર ક્રમાંક: DSD/0419/07/2024.

**પ્રસ્તાવના :**

ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજકોટના નવું સંપૂર્ણ સુવિધા સભર અત્યાધુનિક મકાન બનાવવા માટે વંચાણે લીધેલા ક્રમાંક: (૧) પરના ઠરાવથી રૂ.૧.૦૦ લાખની વહીવટી મંજૂરી આપેલ હતી. ત્યારબાદ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના વંચાણે લીધા ક્રમાંક (૨) ની દરખાસ્ત અન્વયે વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી રૂ.૭૯૦.૦૦ લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપેલ હતી. સદર વહીવટી મંજૂરી અપૂરતી હોઈ, નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ વંચાણે લીધેલા ક્રમાંક: (૪) અને (૫) ના પત્રથી ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજકોટના નવા મકાન બાંધકામ માટે રૂ.૧૦,૮૫,૦૦,૦૦૦/- લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર સંચાલિત ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજકોટના નવા મકાન બાંધકામ માટે રૂ.૧૦,૮૫,૦૦,૦૦૦/- લાખની આથી સુધારેલી વહિવટી મંજૂરી નાણા વિભાગ ના તા. ૦૧/૧૦/૨૦૨૩ ના પરીપત્ર અને અંદાજપત્ર નિયમ સંગ્રહ ની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવે છે.

વધુમાં, વંચાણે લીધા ક્રમાંક: (૧)ના ઠરાવની અન્ય તમામ વિગતો અને શરતો યથાવત રહેશે.

eSign
Signed by: DRASHTI PANKAJBHAI SHAH
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 14-Aug-2024 (12:02 PM)

**(દ્રષ્ટિ શાહ)**
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી, નાણા વિભાગ(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં ૧૬, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, છ-૧ શાખા- બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ (વિભાગની વેબસાઈટમાં છ શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે)